પૂર્વછાયો- એટલી વાત એમ થઈ, તમે સાંભળો સહુ સુજાણ ।
કથા કહું ત્યાર કેડ્યની, શુદ્ધ બુદ્ધિ ને સુખખાણ ॥૧॥
બહુ હેતે હરિકૃષ્ણનાં, જે ચરિત્ર ધરશે ચિત્ત ।
હશે મહા પંચ પાતકી, તોય થાશે તર્ત પુનિત ॥૨॥
એવો યશ એ અનુપ છે, સુભાગી સાંભળશે કાન ।
ત્યાર પછીની જે વારતા, સહુ સાંભળો થઈ સાવધાન ॥૩॥
પ્રેમવતી બાળા ભગતિ કહીએ, ત્રણે જેહનાં નામ ।
તેના તનમાં તપ્ત આવી, વળતાં પામ્યાં વિરામ ॥૪॥

ચોપાઇ- કાર્તિક શુદી અષ્ટમીને દને રે, તેદિ માંદાં થયાં માતા તને રે।

જેનું વ્રત તપે કરી દેહ રે, અતિ શિથિલ થયું છે તેહ રે ॥૫॥
ફુલ મૃદુલસમ છે કાય રે, અતિશે કોમળ ન સહેવાય રે ।
તેને જોઈ જ્યેષ્ઠ સુત જેહ રે, કરે ઔષધ ઉપાય તેહ રે ॥૬॥
કરી ઔષધ વિધિ અનેક રે, તેની ટાંકી લાગી નહિ એક રે ।
ત્યારે પ્રભુએ કર્યો વિચાર રે, નહિ રહે તન નિરધાર રે ॥૭॥
આપું જ્ઞાન માને આણિ પળે રે, જેણે કરી તર્ત દુઃખ ટળે રે ।
ત્યારે હરિ કહે સાંભળો માત રે, એકચિત્ત દઈ મારી વાત રે ॥૮॥
સતશાસ્ત્રમાં મળતાં વેણ રે, આવા સમામાંહિ સુખદેણ રે ।
જન્મમરણ રૂપ માયા મારી રે, તેતો સર્વેને છે દુઃખકારી રે ॥૯॥
પંચરાત્ર સાંખ્યયોગ વાળા રે, એમ કહે છે માનો માતા બાળા રે ।
માટે જ્ઞાન વૈરાગ્ય ધર્મ યુક્તરે, ભક્તિ કૃષ્ણની કરીએ તો મુક્તરે ॥૧૦॥
સર્વે દુઃખ મટવા ઉપાય રે, નથી એહ વિના બીજો માય રે ।
એવી સાંભળી સુતની વાત રે, વળતાં મનમાં વિચાર્યાં માત રે ॥૧૧॥
જે જે કહ્યું હતું માર્કંડેય રે, મળી વાત સર્વે આ તેહ રે ।
કહ્યું ગુણે છે હરિ અમૂલ્ય રે, થયું એમાં નથી કાંઈ ભૂલ્ય રે ॥૧૨॥
વળી કહ્યું તું વૃંદાવન માંય રે, તેહ સર્વે સાંભર્યું મનમાંય રે ।
પછી પુત્રને શ્રીકૃષ્ણ જાણી રે, થઈ દીન ને બોલિયાં વાણી રે ॥૧૩॥
વળી હું આવી શરણ તમારી રે, આપો શિખામણ મને સારી રે ।
તમે કહ્યું જે જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત ભક્તિ સુભાગ્ય રે ॥૧૪॥
તેનો વિધિએ વિભાગ કરી રે, કહો અતિ હેતે તમે હરિ રે ।
વળી સાચા સાધુનું સ્વરૂપ રે, કહેજ્યો કૃપા કરી સુખરૂપ રે ॥૧૫॥
એમ પ્રેમે પૂછ્યું પ્રેમવતિ રે, ત્યારે બોલિયા હરિમહામતિ રે ।
નવમી નિશિ જાતાં જુગ જામ રે, બોલ્યા માતા પ્રત્યે ઘનશ્યામ રે ॥૧૬॥
દેવા માતાને જ્ઞાનનું દાન રે, કહી હરિગીતા ભગવાન રે ।
પંચ વાતે કર્યો તે પ્રબોધ રે, જેને સાંભળતાં વાધે મોદ રે ॥૧૭॥
તેહના છે પંચ અધ્યાય રે, કહ્યું પ્રથમના અધ્યાયમાંય રે ।
સ્વધર્મ સહિત ભક્તિ જેહ રે, થાય સાધુના સંગથી તેહ રે ॥૧૮॥

તેહ સાધુ તણાં જે લક્ષણ રે, કહિ દેખાડ્યાં તે તતક્ષણ રે ।
બીજે અધ્યાયે વર્ણાશ્રમ ધર્મ રે, કહી દેખાડ્યો તેહનો મર્મ રે ॥૧૯॥
ત્રીજે અધ્યાયે જીવાત્મજ્ઞાન રે, કહ્યું માતા પ્રત્યે ભગવાન રે ।
વળી પરમાત્મા જે શ્રીકૃષ્ણ રે, કહ્યું તેનું જ્ઞાન થઈ પ્રશ્ન રે ॥૨૦॥
ચોથે અધ્યાયે કહ્યું સુખરૂપ રે, વૈરાગ્યનું સ્વરૂપ અનુપ રે ।
તેહ વૈરાગ્ય જે થકી થાય રે, કહ્યા તેહના સર્વે ઉપાય રે ॥૨૧॥
પંચમા અધ્યાયે નવ પ્રકારે રે, કહી ભક્તિ વિભાગ વિચારી રે ।
એમ પંચાધ્યાયે ઉપદેશ રે, આપ્યો માતાને હરિએ અશેષ રે ॥૨૨॥
એવી રીતે હરિગીતા કઈ રે, સુણી માતાએ તે શ્રુતિ દઈ રે ।
પછી પુત્ર પ્રત્યે બોલ્યાં માત રે, સુણો હરિ પ્રભુ મારી વાત રે ॥૨૩॥
તમે કૃષ્ણને વિષે ભગતિ રે, કહ્યું કરવી હેતે શું અતિ રે ।
તેહ શ્રીકૃષ્ણ છો સુત તમેરે, નિશ્ચે કરીને જાણ્યા છે અમે રે ॥૨૪॥
કૃષ્ણ કહીએ જે ગોલોક ધામે રે, તે તમે થયા છો હરિનામે રે ।
પ્રભુ તમારે વચને વળી રે, મારા સર્વે સંશય ગયા ટળી રે ॥૨૫॥
મારી વૃત્તિ તમમાં ઠેરાણી રે, કાલ માયાના ભયથી મુકાણી રે ।
હવે જાઉં છું તમારે ધામ રે, એમ કહીને પામ્યાં વિશ્રામ રે ॥૨૬॥
પછી ધર્યું પ્રભુજીનું ધ્યાન રે, તેણે કરી ભૂલ્યાં તનભાન રે ।
એમ કરતાં અર્ક ઉદે થયા રે, ત્યારે પ્રભુજી નાવાને ગયા રે ॥૨૭॥
પછી નિત્ય કરમ ને કાજરે, આવ્યા અગ્નિશાળામાં મહારાજ રે ।
ત્યારે માતાજીને તેહ વાર રે, દેખાણા પ્રભુ હૃદય મોઝાર રે ॥૨૮॥
પ્રસન્ન વદન વર્ણિને વેશ રે, બાંધ્યો છે સારો અંબોડો શિશ રે ।
ચંદ્રકાંતિ સમ મુખ શોભે રે, નયણાં નવીન કમળ ઉભે રે ॥૨૯॥
ઘનશ્યામ સુંદર છે તન રે, પહેર્યું કોપીન પર આચ્છાદન રે ।
ખભે શ્વેત વસ્ત્ર લીધું ધારી રે, કંઠે માળા બે સુંદર સારી રે ॥૩૦॥
પંચ ઉર્ધ્વપુંડ્ર છે પુનિત રે, પહેરી શ્વેત સારી ઉપવીત રે ।
એવી મૂર્તિમાં ચિત્ત ચોટ્યું રે, પામ્યાં અંતરમાં સુખ મોટું રે ॥૩૧॥
પછી દીઠો પોતાનો આત્મા રે, તેજ તેજ તેજની છે સીમા રે ।

મન પ્રાણ ગુણ ઇંદ્રિય દેહ રે, તેહ પર પ્રકાશક જેહ રે ॥૩૨॥
એવો નિજ આત્મા પ્રકાશ રે, તેનો થયો બ્રહ્મશું વિલાસ રે ।
તેહ બ્રહ્મ તેજમાંહિ માત રે, દીઠા હરિ તે કૃષ્ણ સાક્ષાત રે ॥૩૩॥
મનોહર સુંદર ઘનશ્યામ રે, છબી જોઈ લાજે કોટી કામ રે ।
કોટિકોટિ ઇન્દુનો ઉજાસ રે, અંગઅંગ પ્રત્યે છે પ્રકાશ રે ॥૩૪॥
હેમસમ શોભા વસનની રે, કટિમેખળા છે રતનની રે ।
મોરમુગટ જડ્યો મણિયે રે, મકરાકૃતિ કુંડળ ગણિએ રે ॥૩૫॥
કંઠે કૌસ્તુભ મણિનો હાર રે, મોતિ માળા શોભે છે અપાર રે ।
વેઢ વિંટી કડાં કર ઉભે રે, બાજુ કાજુ ને સાંકળાં શોભે રે ॥૩૬॥
પગે શોભે સુંદર નૂપુર રે, સારી કોમળાવસ્થા કિશોર રે ।
ચર્ચિ ચંદન પહેર્યા છે હાર રે, તોરા ગજરા શોભે અપાર રે ॥૩૭॥
પહેરી વૈજયંતી સુંદર માળા રે, તેણે લાગે છે અતિ રૂપાળા રે ।
શોભે વાંસળી સારી સુંદર રે, એવા દીઠા માએ નટવર રે ॥૩૮॥
નિરખી હર્ષ પામ્યાં મહેતારી રે, પછી દીઠા તેને બ્રહ્મચારી રે ।
કૃષ્ણ હરિ હરિ તે જ કૃષ્ણ રે, એવું થયું માતાજીને દ્રષ્ણ રે ॥૩૯॥
પછી કર જોડી દીન થઈ રે, બોલ્યાં કૃષ્ણ પ્રત્યે માતા રઈ રે ।
કરી સ્તુતિ કહે છે એમ માય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૦॥
સાધુ દેવતા ને સત્ય ધર્મ રે, તેને પાળો છો પૂરણ બ્રહ્મ રે ।
વળી રક્ષક બ્રાહ્મણ ગાય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૧॥
કરવા નિજજનની પ્રતિપાળ રે, આવ્યા ગોલોક થકી દયાળ રે ।
થઈ પુત્ર કરી મારી સહાય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૨॥
વળી અજ્ઞાનરૂપી જે તમ રે, તેને ટાળવા સૂરજ સમ રે ।
ધર્મ એકાંતિક ધાર્યો સદાય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૩॥
વળી એક હાથે વર આપો રે, એક હાથે અભય કરી સ્થાપો રે ।
પાપવનદહન નામદાય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૪॥
પાખંડધર્મને ખંડવા કાજ રે, તમે પ્રકટ પંડિત રાજ રે ।
શરણાગતના સુખ સીમાય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૫॥

જ્ઞાન ભક્તિ વૈરાગ્ય ભંડાર રે, અહિંસાદિક ધર્મ અપાર રે ।
એવા બહુ ગુણ તમ માંય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૬॥
તમે અકળરૂપ અવતારી રે, હમણાં વર્ણિવેષ રહ્યા ધારી રે ।
એમ કરે છે સ્તુતિ માય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૭॥
એમ ભાવે કરીને ભગતિ રે, કરે મૂરતિ આગળ્ય વિનતિ રે ।
કરે વંદન વારણે જાય રે, ધન્ય ધન્ય કૃષ્ણ હરિરાય રે ॥૪૮॥
એમ કહીને તજ્યું છે તન રે, રાખી શ્રીકૃષ્ણ મૂર્તિમાં મન રે ।
એમ દેહને તજી ભગતિ રે, પામ્યાં દિવ્ય દેહ પ્રેમવતી રે ॥૪૯॥
મેલી એહ દેહ ઉછરંગે રે, રહ્યાં શ્રધ્ધાદિ દ્વાદશ સંગે રે ।
દુર્વાસાનો શાપ તે ટળ્યો રે, મોરે હતો તેવો દેહ મળ્યો રે ॥૫૦॥
સંવત અઢાર અડતાળિશે રે, કાર્તિક શુદિ દશમી દિવસે રે ।
શનિવાર સુંદર સવારે રે, મેલ્યું માતાજીએ તન ત્યારે રે ॥૫૧॥
પછી દેહને લઇ સંબંધી રે, અગ્નિ દાહ દીધો રૂડી વિધિ રે ।
પછી રામપ્રતાપ સુજાણ રે, કરી ક્રિયા તે શાસ્ત્ર પ્રમાણ રે ॥૫૨॥
પછી હરિએ માન્યાં માતા તેહ રે, મોટા ભાઈની વધુ છે જેહ રે ।
કર્યું ભાભીજીએ હેત ઘણું રે, રાખે બહુ બહુ હરિતણું રે ॥૫૩॥
નિત્યે જમાડીને પોતે જમે રે, જેજે કહે તે સર્વે ખમે રે ।
અર્ધ ઘડી જો અળગા જાય રે, વણદિઠે તે વ્યાકુળ થાય રે ॥૫૪॥
વળી ભાઈને હેત છે ભારી રે, ન ખાય પીયે એને વિસારી રે ।
જાય રમવા તો ટળવળે રે, જોયા વિના તો જંપ ન વળે રે ॥૫૫॥
હરિ પોતે બહુ નિસ્પૃહ રે, ખાનપાનમાં નહિ સનેહ રે ।
શીલ સંતોષ સાધુતા અતિ રે, જાણ્યું તપ ત્યાગની મૂરતિ રે ॥૫૬॥
વળી તાતે આપી ભલામણ્યું રે, આની રાખજ્યો ખબર ઘણું રે ।
આને નથી દેહની સંભાળ રે, તેની કરજ્યો તમે રખવાળ રે ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે ભક્તિ દેહત્યાગ નામે ચોવીશમું પ્રકરણમ્ ॥૨૪॥